હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સરકારની યોજનાને કારણે રૂપિયા, ઘરફોડ ચોરને કંટ્રોલ કરી લીધા છે પણ, હવે પર્યાવરણને નુકશાન કરતાં, ખરાબ ડ્રાઈવીંગ કરતા અક્કલના ચોરોને પકડવાના છે..!

અડધી રાત્રે છરી બતાવી રીક્ષામાં આવેલા શખ્સોએ યુવકનો મોબાઈલ લૂંટી લીધો..

ગાંધીનગર,તા.૨૬

અડાલજ-કલોલ માર્ગ પર શેરથા કસ્તુરીનગર પાસે ગતરાત્રીના ત્રણ વાગ્યાના અરસામાં રીક્ષામાં આવેલા ચાર અજાણ્યા શખ્સોએ ચાલીને જઈ રહેલા યુવકને છરી બતાવી માર મારી મોબાઈલ લુંટી લીધો હતો. યુવક કલોલ થી જમીયતપુરા હનુમાનજી મંદિરે ચાલીને જઈ રહ્યો હતો તે સમયે ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે યુવકને લુંટી લેતા પોલીસના હાઈવે પેટ્રોલીંગ પર પણ સવાલ ઉભા થાય છે. પોલીસે યુવકની અરજી લઈ વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ કલોલ ડી માર્ટ પાછળ રહેતો યુવક છેલ્લા બે વર્ષથી ચાલીને જમીયતપુરા ગામે આવેલ હનુમાનજી મંદિરે દર્શાનાર્થે જાય છે. આ મંદિર આસ્થાનું પ્રતિક હોવાથી ઘણા શ્રધ્ધાળુઓ ચાલીને આવે છે. ત્યારે યુવક ગતરાત્રીના સમયે પણ નિત્યકમ મુજબ જમીયતપુરા હનુમાનજી મંદિરે દર્શન કરવા માટે ચાલતો નીકળ્યો હતો. ત્યારે રાત્રીના સાડા ત્રણ વાગ્યાના અરસામાં યુવક શેરથા કસ્તુરીનગર પાસે સર્વિસ માર્ગ પર ચાલતો હતો.તે સમયે અચાનક રીક્ષા તેની પાસે આવીને ઉભી રહી હતી. જેમાં ચાર અજાણ્યા શખ્સો ઉતર્યા હતા. તેઓએ યુવકને ઢોર માર માર્યો હતો.જો કે યુવકે બચવા માટે ઝપાઝપી કરતા એક શખ્સે છરી જેવુ હથીયાર બતાવી પાટુ મારતા યુવક નીચે પડી ગયો હતો. યુવકને ઈજા પહોંચતા તેને શેરથા ખાતે રહેતા સગા-સ્નેહીજનોનો સંપર્ક કરતા દોડી આવ્યા હતા. જયારે યુવકના પરિવાજના સભ્યો પણ તાત્કાલીક આવી પહોંચ્યા હતા. ત્યારે રાત્રીના સમયે અડાલજ પોલીસ મથક વિસ્તારમાં યુવકને લુંટી લેવાની ઘટના બનતા પોલીસના કહેવાતા રાત્રી પેટ્રોલીંગ સામે પણ સવાલ ઉભા થાય છે. પોલીસે યુવકની અરજી લઈ તપાસ શરુ કરી છે.

વડોદરા ખાતે કાર ચાલકે અકસ્માત સર્જતા વડીલનું મોત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના વડોદરા ગામની ભાગોળે વડીલો બાંકડા પર બેસી રહ્યા હતા.તે સમયે અચાનક પુરઝડપે અને ગફલતભરી રીતે કાર ચલાવી અકસ્માત કર્યો હતો. જેમાં વડીલ અબ્દુલભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયાં સિવિલ ખાતે સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળનીની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ ગાંધીનગરના વડોદરા ગામના રામજી મંદિરવાસ ખાતે રહેતા ૪૪ વર્ષિય ફિરોજ અબ્દુલભાઈ મનસુરી રીક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે. ફિરોજભાઈના પિતા અબ્દુલભાઈ ગામના બસ સ્ટેન્ડ પાસે એક પાન પાર્લર ચલાવે છે. ગતરોજ તા.૨૫ ઓગસ્ટના રોજ સાંજના સમયે સાડા છ વાગે તેઓ ઘરે હાજર હતા. તે સમયે મારા દિકરા આસિફનો મારા ફોન ઉપર ફોન આવ્યો કે મને જણાવ્યું કે બાપાને ભાગોળે અકસ્માત થયો છે તમે આવો. તેવી વાત કરતા હું ગામની ભાગોળે જઈ ને જોયુ તો ઘણા બધા વ્યકિતઓ એકઠા થઈ ગયા હતા. ફરીયાદીના પિતાને પગમાં વાગ્યું હતું. તેઓ પાર્લરની બાજુમાં બાંકડા પર બેઠા હતા. તે સમયે અજાણી કારના ચાલકે અકસ્માત કર્યો છે. જેથી ફરીયાદી તેમના પિતાને રીક્ષામાં બેસાડી સરકારી દવાખાને લઈ જઈ રહ્યા હતા તે સમયે ૧૦૮ આવી જતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડ્યા હતા. જયાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત વડીલનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે મૃતકના દીકરાએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય દ્વારા રક્ષાબંધનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં તા. ૨૬-૮-૨૩ના રોજ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓની રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તેમાં કંકુ-ચોખાનું તિલક કરીને બહેનોએ ભાઈઓને રાખડી બાંધી અને ભાઈઓએ ચોકલેટ આપીને રક્ષાબંધનની ઉજવણી કરી તેમજ ભાઈની રક્ષા માટે આર્શીવચન આપ્યા હતા.

રખીયાલ ભાદરોડા ચોકડી પાસેથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

એલસીબી-૨ પોલીસે છોટાહાથીના ચોરખાનામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૪૬૫, બિયરની ૪૮ પેટી મળી કુલ રૂ.૪.૮૧લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર રખીયાલ પોલીસ મથક વિસ્તારમાં મોડાસા-રખીયાલ માર્ગ પર ભાદરોડા ચોકડી પાસેથી છોટા હાથીના ચોરખાનામાંથી રૂ.૧.૭૧ લાખનો ૪૬૫ બોટલ વિદેશી દારૂ સાથે એલસીબી-૨ પોલીસે બે શખ્સોને ઝડપી પાડી કુલ રૂ.૪.૮૧લાખના મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમારની ટીમ રખીયાલ પોલીસ મથક વિસ્તારમાં હાઈ વે માર્ગ પર પ્રોહી વોચમાં હતા. તે સમય દરમિયાન એએસઆઈ વિક્રમસિંહ ધનજીભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે મોડાસા તરફથી એક સફેદ કલરના છોટા હાથી ડાલા નં.જી.જે.૦૭.ટી.યું.-૦૮૫૯ માં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો ભરી રખીયાલ થઈ દહેગામ તરફ જવાનો છે. જેથી એલસીબી પોલીસની ટીમે મોડાસા-રખીયાલ માર્ગ પર ભાદરોડા ચોકડી પાસે વોચમાં હતા. તે દરમિયાન મોડાસા તરફથી આવતા તેને થોભાવી ડ્રાઈવર તેમજ તેની બાજુમાં બેઠેલા બે શખ્સો મળી આવ્યા હતા. પોલીસે તેમના નામ પુછતા પરવતસિંહ ચંદનસિંહ રાજપુત (રહે.ચોકવાડા, ગાવડા પાલ તા.સલુમ્બર જી.ઉદેપુર રાજસ્થાન) અને રાજેશ ભીમરાજ મીણા (રહે. ગોદાવત ગોરીંબ તા.રૂષભ દેવ જી.ઉદેપુર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.પોલીસે સાથે રાખી છોટાહાથી ડાલાની તલાસી લેતા ડાલુ પાછળના ભાગે ખાલી હતું. ડાલાની નીચે હાઈડ્રોલીક ફીટ કરેલ હતું. જેની પટ્ટીઓ ખોલી પાછળનું ડાલુ ઉંચુ કરી પટ્ટીઓની આડમાં છુપાવી રાખવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. તે વિદેશી દારૂનો જથ્થો બોટલ નંગ-૪૬૫ તેમજ બિયરની પેટી -૪૮ કિં. ૫૭૬૦ મળી કુલ કિં.૧, ૭૧,૪૦૯ તેમજ મોબાઈલ ફોન નંગ-૨ કિ.૧૦ હજાર, તેમજ ડાલાની કિં. ૩ લાખ મળી રૂ.૪.૮૧,૪૦૯ નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચંદ્રાલા પાસે કારમાંથી વિદેશી દારૂની ૨૮૭ બોટલ ઝડપાઈ

ગાંધીનગર,તા.૨૬

ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ.અસારી સુચના થી ચંદ્રાલા ગામની સીમમાં આગમન હોટલ સામે નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. ચિલોડા પીઆઈ એ.એસ.અસારીને બાતમી મળી હતી કે એક ગ્રે કલરની કીયા ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી થવાની છે. જે અન્વયે ડી સ્ટાફ માણસોને સાથે રાખી ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વોચ ગોઠવી હતી. તે સમયે નંબરવાળી ગાડી દેખાતા કોર્ડન કરી રોકી દેવાઈ હતી. પોલીસે તેનું નામ પુછતા તેણે દેવેન્દ્રસિંહ છત્રસિંહ રાધાનંદન રાઠોડ (ઉ.૩૦ રહે.ડી.૧૬૬ તેજેન્દ્ર પ્રસાદ સોસાયટી વિભાગ-૧ ખોડીયાર નગર રોડ નિકોલ અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા સીટમાં થેલીઓમાં વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૮૭ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂ.૩૭ હજારની કિંમતનો દારૂ તેમજ રૂ.૧૦ લાખની કાર મળી કુલ રૂ.૧૦.૩૭ લાખ નો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પુન્દ્રાસણમાં ત્રણ જુગારીઓ પાસેથી રૂ.૧૭ હજારનો મુદ્દામાલ કબ્જે

ગાંધીનગર, તા.૨૬

મળતી વિગત મુજબ એલસીબીની પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે તેઓને બાતમી મળી હતી કે પુન્દ્રાસણ ગામના કિરણજી બબાજી ઠાકોર અને રમેશજી ઉર્ફે ટીનો દિવાનજી ઠાકોર બહારથી જુગારીઓ બોલાવી બસ સ્ટેન્ડની પાછળ જારવાળા ખેતરમાં જુગાર ધામ ચલાવી રહ્યા છે. પુન્દ્રાસણ ગામ ખાતે પહોંચીને ચાલતા ચાલતા જઈ પોલીસ ત્રાટકી હતી. પોલીસને જોઈ બાજી માંડીને બેઠેલા ચાર જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી.જેમાં ચાર જુગારી નાસી જવામાં સફળ રહ્યા હતા. જયારે પોલીસે ત્રણ જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં રમેશ ઉર્ફે ટીનો દિવાનજી ઓખા ઠાકોર (રહે. ટીંટોડા ગામ), વિજય જયંતિ રામાજી ઠાકોર (રહે.સાણોદા દહેગામ), રણજીત ઉર્ફે મકો પધાજી મથુરજી ઠાકોર હોવાનું જણાવ્યું હતું. જયારે નાસી ગયેલા જુગારીમાં કિરણ બબાજી ઠાકોર, મનુજી જવાનજી ઠાકોર, રાકેશજી અજમલજી ઠાકોર, તેમજ વિપુલજી સુધાજી ઠાકોર હોવાની વધુમાં કબુલાત કરી હતી. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૧૭ હજાર રોકડા કબ્જે કરી સાત જુગારી સામે તપાસ હાથ ધરી છે.

ઓનલાઈન પંચ દિવસીય ચેસ કોચિંગ કેમ્પ સંપન્ન

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનના સંયુક્ત ઉપકમે આયોજિત કેમ્પમાં ગુજરાત જ નહીં, પણ વિદેશથી પણ બાળકોએ ચેસનું જ્ઞાન મેળવ્યું

ગાંધીનગર, તા.૨૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તેમજ ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનના સંયુક્ત ઉપકમે તા. ૨૧ ઓગસ્ટથી ૨૫ ઓગસ્ટ દરમિયાન નિઃશુલ્ક ઓનલાઈન ચેસ કોચિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચદિવસીય આ કોચિંગ કેમ્પમાં ન માત્ર ગુજરાત પણ અમેરિકા સહિત વિદેશથી પણ હજારો બાળકો જોડાયા હતા. મળતી માહિતી પ્રમાણે પંચદિવસીય ચેસ કોચિંગ કેમ્પમાં ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનના તજ્ઞ્ઞો દ્વારા બાળકોને ચેસના વિવિધ પાસાઓનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ચેસની મૂળભૂત સમજ સહિત ચેસમાં રમાતી વિવિધ ચાલો અને નિયમો વિશે પણ બાળકોને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. બાળકોના સર્વાંગી વિકાસમાં માનસિક વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચેસની રમત આત્મવિશ્વાસ, યાદશક્તિ, મેમરી પાવર, એકાગ્રતાની સાથે આઈક્યુમાં પણ વધારો કરે છે. આ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાળકોને ચેસ શીખવા પ્રેરિત કરવામાં આવ્યા હતા, જેમાં યુનિવર્સિટીને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનનો સહકાર પ્રાપ્ત થયો હતો. આ પંચદિવસીય કેમ્પનું બાયસેગ દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

ખ-૭ ફાટક નજીક વિદેશી દારૂની ૨૩ બોટલ મળી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકની ટીમના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે સેકટર-૨૮ સમર્પણ સર્કલ ખ-૭ રેલ્વે ફાટકની નજીકમાં આવેલ ઝાડીમાં અનિલસિંહ કાળુસિંહ રાણા (રહે ધણપ) વિદેશી દારૂનું વેચાણ કરે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા પોલીસને જોઈ તે શખ્સ નાસી ગયો હતો.જયારે પોલીસે બે થેલીમાંથી વિદેશી દારૂની ૨૩ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૦,૨૩૫ નો મુદ્દામાલ કબ્જે કરી શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાંદેસણ રોયલ રીવન્ટા-૩ ના સુપરવાઈઝરનું બાઈક ચોરાયું

ગાંધીનગર,તા.૨૬

અરવલ્લી જિલ્લાના બોરમઠ ગામના અને હાલ કુડાસણ કપુરી વાસ ખાતે રહેતા વિજય મલાભાઈ દેસાઈ પરિવાર સાથે રહે છે. તેઓ રાંદેસણ માર્ગ પર બની રહેલી રોયલ રીવન્ટા-૩ ખાતે સાઈટ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે.

વિજય પાસે તેની માલિકીનું હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૦૧.એન.એસ.-૩૭૪૧ હતું. ગત તા.૨૩ ઓગસ્ટના રોજ સવારના પોણા દશ વાગે યુવક બાઈક લઈ રોયલ રીવન્ટા-૩ ખાતે નોકરી પર આવ્યો હતો.

જયારે યુવક બપોરે જમવા માટે ઘરે નીકળ્યો તે સમયે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરવા છતા મળી ન આવતા પોલીસ મથકે રૂ.૧૦ હજારની કિંમતના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

સોમવારે સંસ્કાર ગૃપના બાળકો ઉજવશે અનોખી રક્ષાબંધન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સંસ્કાર ગૃપ દ્વારા બાળકો માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આગામી રક્ષાબંધન પર્વને ધ્યાનમાં રાખીને તા. ૨૮મી ઓગષ્ટ સોમવારના રોજ સંસ્કાર ગૃપ દ્વારા શહેરના સેક્ટર-૨ ખાતેની સરકારી પ્રાથમિક શાળામાં સવારે ૯ થી ૧૦ કલાક દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત કાર્યક્રમમાં બાળકો દ્વારા પરસ્પર રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરાશે તેજ રીતે બાળકોમાં પર્યાવરણ જાળવણીના ગુણો ખીલે અને વૃક્ષોના મહત્વ અંગે સમજ કેળવાય તે હેતુથી વૃક્ષોને પણ રક્ષા પોટલીની રાખડી બાંધીને તેમના રક્ષણની જવાબદારી ઉઠાવવાનો સંકલ્પ કરવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણની ઉજવણી પણ કરવામાં આવશે જેથી બાળકોમાં વિજ્ઞાન અને અવકાશ પ્રત્યે રૂચિ કેળવાય અને રાષ્ટ્ર ગૌરવની ભાવના પણ મજબૂત થાય.

આર.જી. કન્યા શાળામાં નવનિયુક્ત આચાર્યાનો આવકારોત્સવ યોજાયો

શ્રીમતી આર.જી. પટેલ અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા શાળામાં નવનિયુક્ત આચાર્યા કલ્પનાબેનનો આવકારોત્સવ યોજવામાં આવ્યો. તેના દ્વારા ઈન્ચાર્જ આચાર્ય ગીતેશભાઈ પટેલે કલ્પનાબેનનો શાબ્દિક પરિચય આપી તેમણે અને સમગ્ર સ્ટાફ પરિવારે બેનનું ફૂલછડી આપીને સન્માન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉ.મા. વિભાગના શિક્ષક જશુભાઈએ કર્યુ હતુ.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની સભા ૯મીએ

ગાંધીનગર, તા. ૨૬

સિ.સિ.કા. ગાંધીનગરની ઓગષ્ટ માસની માસિક સભા તારીખ ૨૯-૮-૨૩ મંગળવારે સાંજે ૫ વાગે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ સેવા સેક્ટર-૭-સી ખાતે યોજાશે. સર્વે સભ્યોને આ ફેરફાર ધ્યાને લઈ સમયસર પધારવા વિનંતી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (ગાંધીનગર બ્રાંચ)ના સંયુક્ત ઉપક્રમે બી.કોમ અને એમ.કોમના તમામ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગે નિષ્ણાંત સત્ર (એક્સપર્ટ સેશન)નું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં નિષ્ણાંત તરીકે સીએ ચિંતન ઠક્કર (ચેરમેન ગાંધીનગર બ્રાંચ-આઈઓએઆઈ), સીએ રોમિલ શાહ (સેક્રેટરી ગાંધીનગર બ્રાંચ-આઈઓએ), સીએ કેતન મહેતા અને સીએ ફેનિલ શાહ (કારકિર્દી માર્ગદર્શક ગાંધીનગર બ્રાંચ-આઈઓએ) હાજર રહ્યા હતા. જેમાં સીએ ફેનિલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને કોમર્સ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટેની ઉપયોગી માહિતી પુરી પાડી હતી. તદઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા માટે કેવા કૌશલ્યની જરૂર પડે અને તેની ઉપયોગીતા કોમર્સ ક્ષેત્રે કેવી છે તેની સંપૂર્ણ માહિતી પુરી પાડી હતી. આ સત્રમાં સીએ ચિંતન ઠક્કર અને સીએ કેતન મહેતા દ્વારા વિદ્યાર્થીઓને બી.કોમ અને એમ.કોમની સાથે ઈન્ટર્નશીપ પુરી પાડવામાં મદદરૂપ થવાની ખાતરી આપેલ હતી. આ માહિતીનો વિદ્યાર્થીઓએ સંપૂર્ણ લાભ લીધો.

આ સત્રનું સમગ્ર સંચાલન પ્રો. રૂચી યાજ્ઞિક દ્વારા, આભારનવિધી ડૉ. મેહુલ પટેલ દ્વારા અને સફળ આયોજન ડૉ. જીગ્નેશ તોગડિયા, પ્રો. ખુશ્બુ પટેલ અને પ્રો. જયદીપ રામાનુજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સફળ સંચાલન અંગે ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

આંતરરાષ્ટ્રીય ઓલમ્પીયાડમાં હિલવુડની ધ્વજા પટેલને મેડલ પ્રાપ્ત

ગાંધીનગર, તા.૨૬

હિલવુડ ગાંધીનગરની ધો-૩માં અભ્યાસ કરતી ધ્વજા ઉપેન પટેલ દ્વારા ઓલમ્પિયાડ એક્ઝામમાં બે ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મેળવી શાળા તેમજ માતા-પિતાનું નામ રોશન કરેલ છે. આંતરરાષ્ટ્રીય ઓલમ્પીયાડમાં સાયન્સ એન્ડ મેથ્સમાં તેઓ દ્વારા ગોલ્ડ મેડલ મેળવેલ છે. જેમાં ધ્વજા પટેલ દ્વારા ક્લાસ ટીચર વેણુપ્રસાદનો આભાર માનેલ છે.

માણસા તાલુકાની પરબતપુરા હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓની માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૦ જેટલા વાલીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં શાળાના આચાર્ય સુરેશભાઈ તથા સ્ટાફમિત્રોએ સુંદર માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં નિશાળમાં વિદ્યાર્થીને દફતર અને નવા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રેમસુરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા (તપોવન)નો દશાબ્દી મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

પ્રેમસુરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા (તપોવન) અમીયાપુર ગાંધીનગરની સ્થાપના ઉત્સવ પૂજ્ય ગુરુમાં પંન્યાસશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજાના સુશિષ્ય શાસનપ્રભાવક આચાર્યશ્રી હંસકીર્તી સુરીશ્વરજી મ.સા. તથા છેલ્લા ૩૦ વર્ષથી પાઠશાળાના પ્રેરક અને માર્ગદર્શક પ.પૂ. શ્રુતજ્ઞાનપ્રેમી આ.શ્રી જીતરક્ષિત સુરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં નારણપુરા ડી.કે. પટેલ હોલમાં ઉજવાયો હતો. સંયમકીર્તી વિ. તથા મુનીરાજહંસ વિ.મ.સા. આદિ મહાત્માઓ તથા પૂ. સાધ્વીજી શ્રી પ્રશાંત ધર્માશ્રીજી આદિ સાધ્વી ભગવંતોની મંગલ ઉપસ્થિતિમાં શ્રેષ્ઠિવર્ય રમેશભાઈ કાંતિલાલ ઝવેરી-મુંબઈ તથા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ સંવેગભાઈ લાલભાઈ તથા શેઠ પ્રવિણભાઈ આત્મારામ, વિશ્વ સંસ્થા જીરોના સેક્રેટરી આસિતભાઈ શાહ, પંડિતવર્ય વસંતભાઈ દોશી આદિ અમદાવાદના શ્રેષ્ઠીવર્યો અને પંડિતવર્યોની હાજરીમાં આ આનંદોત્સવ ઉજવાયો હતો.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.પરમાર ધારાબેન મહેશભાઈ ઉ.વ.૨૨, પ્રાંતિયા
- સ્વ.દેસાઈ બબુબેન અમૃતાભાઈ ઉ.વ.૬૨, ગાંધીનગર
- સ્વ.પારેખ જ્યોતિબેન મહેન્દ્ર ઉ.વ.૭૬, અડાલજ
- સ્વ.શર્મા વિદ્યાબેન કાન્તિલાલ ઉ.વ.૬૭, ગાંધીનગર

ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

મારું નામ રિદ્ધિબેન વિષ્ણુભાઈ મિસ્ત્રીમાંથી બદલીને રિદ્ધિ અનિરૂદ્ધ ગજ્જર કરેલ છે.
લી.
રિદ્ધિ અનિરૂદ્ધ ગજ્જર
પ્લોટ નં. ૮૦૮/૧,
સેક્ટર-૨/સી, ગાંધીનગર